GJBN090001012026

<table>
<tr><td>પ્રાપ્તિ તારીખ</td><td>:</td><td colspan="3">૨૧/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td>:</td><td colspan="3">૨૧/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td>:</td><td colspan="3">૧૬/૦૪/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય ગાળો</td><td rowspan="2">:</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૧</td><td>૨૫</td></tr>
<tr><td>આંક–</td><td>:</td><td colspan="3">૧૨</td></tr>
</table>

**<u>નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(s)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179A- અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ</u>**

## FORM- A

<table>
<tr><td colspan="2"><u>ઉમરાળાના મહે.જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.ઉમરાળા</u><br>સમક્ષઃ – શ્રી.વાય.કે.ખાંટ<br>તારીખઃ– ૧૬/૦૪/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર :– ૮૨/૨૦૨૬<br>(ઉમરાળા પો. સ્ટે. પ્રોહી ગુન્હા રજી.નં.૧૧૧૯૮૦૫૯૨૬૦૦૨૮/૨૬)</td></tr>
<tr><td>ફરિયાદી :–</td><td>વિજયસિંહ ટેમુભા ગોહિલ<br>પો.કો. ઉમરાળા પો.સ્ટે.</td></tr>
<tr><td>ફરિયાદપક્ષે વકિલશ્રી :–</td><td>વિ.એ.પી.પી.શ્રી.જે.એમ.પંડયા</td></tr>
<tr><td>આરોપી :–</td><td>સંગીતાબેન ભુપતભાઈ માથાસુળીયા<br>ઉ.વ.૪૫,<br>રહે.ઉમરાળા ગામ, તા.ઉમરાળા</td></tr>
<tr><td>બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી :–</td><td>શ્રી.બી.પી.પરમાર /એચ.આર.જોષી</td></tr>
</table>

## FORM- B

| | |
|---|---|
| **ગુન્હો બન્યાની તારીખ :–** | ૦૩/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| **એફ.આઈ.આર રજીસ્ટર્ડ થયાની તારીખ:–** | ૦૩/૦૨/૨૦૨૬ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ :–** | ૨૧/૦૨/૨૦૨૬ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ :–** | ૨૧/૦૨/૨૦૨૬ |
| **ફરિયાદપક્ષનો પુરાવો શરૂ કર્યા તારીખ :–** | ૧૩/૦૩/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ :–** | – |
| **ચુકાદો જાહેર કર્યા તારીખ :–** | ૧૬/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ :– (જો હોય તો)** | – |

**<u>આરોપીની વિગત</u>**

| **ક્રમ નં.** | **આરોપીનું નામ** | **ધરપકડ કર્યા તારીખ** | **જામીન પર મુક્ત થયા તારીખ** | **આક્ષેપિત ગુન્હો** | **નિર્દોષ કે દોષિત ?** | **કરવામાં આવેલ સજા** | **બી.એન. એસ. એસ . કલમ ૪૬૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સંગીતાબેન ભુપતભાઈ માથાસુળીયા | ૦૩/૦૨/૨૦૨૬ | ૦૩/૦૨/૨૦૨૬ | ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ ૬૫(એફ) મુજબ | નિર્દોષ | – | – |

**–: ઠરાવ :–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે પ્રોહી એક્ટની કલમ– ૬૫(એફ) મુજબ ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાનો આથો રાખી ગુન્હો કરતા આગળની કાર્યવાહી હાથ

ધરવામાં આવેલ અને તપાસના અંતે પૂરતો પુરાવો મળી આવતા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરતા આરોપીને ગુન્હાનો સમન્સ ઈસ્યુ કરેલ.

૨. સમન્સની બજવણી થતા આરોપી તેના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૨૩૦ મુજબ વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કરી, તહોમતનામું ફરમાવી, ગુન્હા અંગે સમજ કરી નિવેદન લેવામાં આવતાં આરોપીએ તેની સામેના આક્ષેપીત ગુન્હાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

૩. સદરહું ગુન્હાના આક્ષેપો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**FORM- C**

**-: ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફથી રજૂ થયેલ સાક્ષીઓનું લીસ્ટ:-**

**(એ) ફરિયાદપક્ષ તરફે :-**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ / વિગત | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | ૦૬ | પંચસાહેદ સંજયભાઈ મગનભાઈ ખસીયા ની જુબાની | પંચનામાના પંચસાહેદ |
| PW-2 | ૦૮ | ફરિયાદી વિજયસિંહ ટેમુભા ગોહિલની જુબાની | ફરિયાદી |
| PW-3 | ૧૦ | પંચસાહેદ સાગરભાઈ નારણભાઈ કાસેલા | પંચનામાના |

| | | | |
|---|---|---|---|
| | | ની જુબાની | પંચસાહેદ |
| PW-4 | ૧૧ | ત.ક.અ ગોપાલભાઈ નારણભાઈ નાવડીયા ની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :–**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનું નામ / વિગત** | **પુરાવાનો પ્રકાર** (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| CW-1 | - | - | - |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :–**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનું નામ / વિગત** | **પુરાવાનો પ્રકાર** (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, એક્સપર્ટ સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| CW-1 | - | - | - |

**–:ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**(એ) ફરિયાદપક્ષ તરફે :–**

| **ક્રમ નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧. | ૭/ PW–1 | પંચનામું |
| ૨. | ૯/ PW–2 | ફરિયાદ |

**(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો ) :–**

| **ક્રમ નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧. | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો ) :–**

| **ક્રમ નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧. | – | – |

**(ડી) મટીરીયલ ઓબ્જેક્ટ :–**

| ક્રમ નંબર | મટીરીયલ ઓબ્જેક્ટ નં. | વિગત |
|---|---|---|
| ૧. | MO-1 | દારૂ બનાવવાના આથાનું સેમ્પલ |

૪. આ કામે ફરિયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષના ઉપરોકત પડેલા પુરાવાઓ અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લેતા તેમાં ઈન્કારાત્મક બચાવ લેવામાં આવેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપેલ નથી. બચાવમાં સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવે છે. ત્યારબાદ સરકાર તરફે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદવાન વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળી.

૫. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી ફરીયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-- મુદ્દાઓ--**

૧. શું ફરિયાદપક્ષ નિઃ શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામાં દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો રાખી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે. ?

૨. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ

Y.K.KHANT
Principal J.M.F.C, Umrala. Dt.16/04/2026

−::− <u>કારણો</u> −::−

૭. **મુદ્દા નં.૧,**

ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુન્હાઓ પુરવાર કરવા માટે પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડેલ છે.

૮. હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદી જણાવે છે કે, આરોપીના કબજા ભોગવટામાંથી દેશી દારૂ બનાવવાનો આથો મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ. પરંતુ આ કામે તપાસેલા પંચસાહેદોની જુબાની જોતાં, પોલીસે તેઓને કોઈ જગ્યાએ પંચમાં રહેવા બોલાવેલા નહી તેમજ તેઓને એક તૈયાર પંચનામા/ કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી. પોલીસે તેઓ પંચો રૂબરૂમાં આરોપીને દેશી દારૂ  રાખી વેચાણ કરતા હોય તે અંગે રેડ કરેલ હોય અને તે અંગેનું પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી તેઓ આરોપીને જોયે ઓળખતા નથી તેમ જણાવે છે. આમ, પ્રોહીબીશનના ગુન્હામાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે મુદ્દામાલના પંચસાહેદો જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકર્તા નથી જેથી આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે તેવું પુરવાર થતું નથી. આ તબક્કે **ગુજરાત રાજય વિ. ભીખાભાઈ કાળીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ. આર પાના નં.૭૪૫ ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિદ્ધાંતો ધ્યાને લેતાં,** જ્યારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચસાહેદોએ પોતાની જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. આમ, હાલના કામે પણ પોલીસે પંચસાહેદોની હાજરીમાં પંચનામાની વિગતે કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે પંચસાહેદો પંચનામાની કોઈ હકીકતને સમર્થન કે ટેકો આપતા નથી, તેવા સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે

કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પરથી પુરવાર થતું નથી. જેથી ફરિયાદપક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી.

૯. આ કામે તપાસ કરનારની જુબાની જોતાં, સમગ્ર તપાસ અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેમ જણાવે છે. પરંતુ સદર કામમાં પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને ત્યાર બાદ ફરિયાદ આપવામાં આવેલ, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. તેમજ બનાવવાળી જગ્યા રહેણાંકી મકાનો આવેલ છે અને તેમાં લોકો રહે છે તેમ છતાં આ કામે પોલીસ અને પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી તે જોતાં, તેમજ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ અનુસાર આરોપીને અનન્ય અને સભાનપણાનો કબજો *Exclusive & Conscious possession* પુરવાર થતું નથી.

ફરીયાદપક્ષે કથીત મુદ્દામાલ દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો જ હતો તે બાબતનો એફ.એસ. એલ રીપોર્ટ રજુ રાખેલ નથી. કહેવાતી બનાવવાળી જગ્યાએ કોઈપણ વ્યકિત સરળતાથી આવી–જઈ શકે તેવી છે. પંચો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી જેથી આરોપીની પ્રત્યક્ષ સંડોવણી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

૧૦. **નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા સતિષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ (સુ.કો) પાન નં.૮૫** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, જ્યારે રજુ થયેલ પુરાવા ઉપરથી કેસનો અંત સજામાં પરિણમશે નહી તેમ જણાય તો ટ્રાયલની પ્રક્રીયા પુરી કરવામાં કોર્ટનો કિંમતી સમય વેડફવો જોઈએ નહી. તેવા સંજોગોમાં આ કામે સબસ્ટેન્સીયલ પુરાવો નોંધી ફરિયાદ પક્ષ તરફથી તમામ સાક્ષીઓ તપાસવામાં આવેલ નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી

તકસીરવાર ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**(( હુકમ ))**

1. આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે, ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ–૬૫(એફ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહીબીટેડ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.
3. આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબના અપીલ સમય સુધીના રૂ.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) ના જામીન રજૂ રાખવા.

હુકમ આજ તા.૧૬મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૪/૨૦૨૬
ઉમરાળા.

યોગેશકુમાર કાભઈભાઈ ખાંટ
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરાળા
કોડ નં. જીજે૦૧૪૫૮

રાજેશ સી.પારેખ
પી.એ.

Y.K.KHANT
Principal J.M.F.C, Umrala. Dt.16/04/2026